સહુ અદ્‌ભૂતોમાં તુજ સ્વરૂપ અદ્‌ભૂત નીરખું, મહાજ્યોતિ જેવું નયન શશીને સૂર્ય સરખું...

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૨૯ | ૧૮ જુલાઈ, ૨૦૨૦, શનિવાર; અષાઢ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૯૪૯ |
| અમદાવાદ | ૧૮૪ |
| ગાંધીનગર | ૩૭ |

## દુનિયાની કોઈ તાકાત ભારતની એક પણ ઈંચ જમીન છીનવી શકે તેમ નથી

**એલએસી પર તણાવ વચ્ચે લેહ મુલાકાતે પહોંચેલા રક્ષામંત્રી રાજનાથ સિંહનો હૂંકાર : કોઈ આંખ ઉઠાવીને જુઓ તો તેને મુંહતોડ જવાબ આપીશું,ગલવાનમાં શહીદ જવાનોનું બલિદાન વ્યર્થ નહી જાય : રાજનાથ સિહની સમક્ષ પેરા કમાન્ડોએ પેન્ગોન્ગ લેકની પાસે યુદ્ધ અભ્યાસ કરી પોતાની તાકાત દર્શાવી, આજે શ્રીનગરની મુલાકાત લેશે**



લેહ,તા.૧૭

રક્ષામંત્રી રાજનાથ સિંહ પોતાની બે દિવસની મુલાકાત પર લેહ પહોંચ્યા હતા. રાજનાથ સિંહે લેહના સ્તાકનમાં ભારતીય સેનાના એક ખાસ કાર્યક્રમમાં ભાગ લીધો. સ્તાકનામાં ભારતીય સેનાના ખાસ કાર્યક્રમમાં જવાનોએ પેરા ડ્રોપિંગ અને અન્ય કરતબોથી શક્તિનું ખાસ પ્રદર્શન કર્યું. આ દરમ્યાન સેનાના અધિકારીઓની સાથે રક્ષામંત્રી ખુદ એક રાઈફલથી નિશાન લગાવતા દેખાયા.

લાઈન ઓફ એક્ચુઅલ કંટ્રોલની મુલાકાતે પહોંચેલા રક્ષા મંત્રી રાજનાથ સિંહે જવાનોને સંબોધતાં કહ્યું કે ભારતની એક ઈંચ જમીનને કોઈ લઈ શકતું નથી. ભારતીય સેનાની ઉપર આપણને ગર્વ છે. હું જવાનોની વચ્ચે આવીને ગૌરવ મહેસૂસ કરી રહ્યો છું. આપણા જવાનો શહીદ થયા છે. તેનું દુઃખ ૧૩૦ કરોડ ભારતવાસીઓને પણ છે.

લેહની લુકુંગ ચોકી પર પહોંચેલા રક્ષામંત્રી રાજનાથ સિંહે કહ્યું કે અત્યાર સુધીમાં જે પણ વાતચીતની પ્રગતિ થઈ છે તેના

● અનુસંધાન પાન-૭ પર

## દેશમાં કોરોનાનો કાળો કહેર : ૨૪ કલાકમાં રેકોર્ડબ્રેક ૩૫ હજાર કેસ

**દેશમાં કોરોનાના કુલ કેસ વધીને ૧૦.૦૫ લાખ થયા : ૨૪ કલાકમાં ૬૮૦ના મોત : ૨૫ હજારથી વધુના મોત : દેશમાં ૬,૩૫,૭૫૭ લોકો કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થયા**

ન્યુ દિલ્હી,તા.૧૭

સમગ્ર દેશમાં કોરોના મહામારીનું વિકરાળ સ્વરૂપ સામે આવી રહ્યું હોય તેમ અનલોક-૨ના ૧૬મા દિવસે કેસોએ છલાંગ લગાવીને ૩૫ હજારની ઉપર પહોંચી ગયા હતા. અને કેસોની સંખ્યા ૧૦ લાખને પાર થઈ ગઈ હતી. ગઈકાલે ગુરૂવારે દેશના વિવિધ રાજ્યોમાં નોંધાયેલા કેસોના આંકડા આજે શુક્રવારે સવારે જાહેર કરાયા ત્યારે એક જ દિવસમાં રેકોર્ડ ૩૫ હજાર ૪૬૮ કેસ સામે આવ્યાં હતા. આ પહેલા સૌથી વધુ કેસ ૧૫ જુલાઈએ નોંધાયા હતો જે આંકડો ૩૨ હજાર ૬૦૭નો હતો. છેલ્લા ૨૪ કલાકમાં ૬૮૦ લોકોના મોત થયા હતા.

● અનુસંધાન પાન-૭ પર



### ફક્ત ૬ દિવસમાં ૨ લાખ કેસો

જો દેશમાં કોરોના વાયરસની ઝડપને જોઈએ તો શરૂઆતનાં એક લાખ કેસ આવવામાં લગભગ ૧૧૦ દિવસ લાગ્યા હતા, પરંતુ ત્યારબાદ આ ઝડપ વધી. હવે છેલ્લા ૨ લાખ કેસ ફક્ત ૬ દિવસમાં આવ્યા છે, એટલે કે દર ત્રણ દિવસમાં એક લાખ નવા કેસ આવી રહ્યા છે. રોજ આવનારા કેસોનાં મામલે હવે ભારત ફક્ત અમેરિકાથી જ પાછળ છે.

## કોરોનાની રસી અંગે સારા સમાચાર

## દેશમાં માનવ ટ્રાયલના પ્રારંભિક પરીક્ષણમાં કોઈ આડ અસર નહીં

**કુલ ૧,૧૨૫ સ્વયંસેવકો પર અભ્યાસ કરવાનો છે, જેમાંથી ૩૭૫ પ્રથમ, અને ૭૫૦ બીજા તબક્કામાં હશે :કોવાક્સિન એ ઇન્ટ્રામસ્ક્યુલર ઇન્જેક્શન**

ભારતીય કોરોના વેક્સીન કોવાક્સિન પર શુક્રવારે હરિયાણાના રોહતકથી સારા સમાચાર આવ્યા. સ્વયંસેવકોના પ્રથમ જૂથને ત્યાંના પીજીઆઈ ખાતે કોવાક્સિનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો. હરિયાણાના આરોગ્ય પ્રધાન અનિલ વિજના જણાવ્યા અનુસાર, ત્રણેય ઉમેદવારોની સંસ્થાએ આ રસી તત્કાળ સ્વીકારી લીધી હતી. તેમના પર કોઈ આડઅસર જોવા મળી નથી. આ રસી ૧૮ થી ૫૫ વર્ષની વયના તંદુરસ્ત લોકોને બે ડોઝમાં આપવાની છે. ફેઝ ૧ ટ્રાયલમાં બીજો ડોઝ ૧૪મીના દિવસે આપવામાં આવશે. કુલ ૧,૧૨૫ સ્વયંસેવકો પર અભ્યાસ કરવાનો છે, જેમાંથી ૩૭૫ પ્રથમ તબક્કામાં અને ૭૫૦ બીજા તબક્કામાં હશે. પરીક્ષાની મધ્યમાં ૪:૧નો ગુણોત્તર હશે. એટલે કે જો ૪ દર્દીઓને રસી આપવામાં આવશે તો માત્ર એક જ ડોળ કરવામાં આવશે. તેને મનોવિજ્ઞાનમાં પ્લેસબો કહેવામાં આવે છે. આ રસીની અજમાયશ દેશના જુદા જુદા શહેરોની ૧૪ સંશોધન સંસ્થાઓમાં કરવામાં આવી રહી છે. આ શહેરોમાં નવી દિલ્હી, રોહતક, હૈદરાબાદ, વિશાખાપટ્ટનમ, પટના, કાનપુર, ગોરખપુર, ભુવનેશ્વર, ચેન્નાઈ અને ગોવા શામેલ છે. પટણા એઈમ્સમાં ચાર દિવસ પહેલા ટ્રાયલ શરૂ થઈ છે. પ્રારંભિક માત્રા ઓછી હશે. તે ટ્રાયલમાં જોવામાં આવશે કે રસી આપવાનું જોખમ નથી, તેની આડઅસરો શું છે. કોવિડ -૧૯ ઉપરાંત, યકૃત અને ફેફસાંને કેવી અસર પડે છે તેની પણ તપાસ કરવામાં આવશે. તેથી જ પ્રથમ તબક્કાને 'સલામતી અને સ્ક્રિનિંગ' કહેવામાં આવ્યું છે. આઈસીએમઆરએ એવી સંસ્થાઓની પસંદગી કરી છે જ્યાં ક્લિનિકલ ફાર્માકોલોજી વિંગ અને આરોગ્ય સંભાળ વ્યાવસાયિકો છે જેમાં માનવ પરીક્ષણોનો અનુભવ છે. અજમાયશને ઝડપી શકાતી નથી કારણ કે તે સુનિશ્ચિત કરે છે કે આ રસી માનવ દ્વારા વાપરવા માટે સલામત છે.

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૧૪૦૪૫૭૧૯ | ૫૯૪૭૮૨ | ૮૧૩૪૭૮૯ |
| ભારત | ૧૦૩૬૭૫૧ | ૨૬૨૬૯ | ૬૫૧૩૭૦ |
| ગુજરાત | ૪૬૫૧૬ | ૨૧૦૮ | ૩૨૯૪૪ |
| ગાંધીનગર | ૧૧૪૭ | ૬૭ | ૭૦૬ |

## દિલ્હીમાં કોરોનાની ગતિ ધીમી પડી

ભારતમાં કોરોના વાયરસ જે ઝડપે ફેલાઈ રહ્યો છે તે બધાને ડરાવી ગયો છે. દરરોજ રેકોર્ડ દર્દીઓ નોંધાઈ રહ્યા છે. દેશ અને રાજ્યની સરકારો પણ ચિંતિત છે. દરમિયાન વિશ્વના સૌથી પ્રાચીન અને જાણીતા મેડિકલ જર્નલમાંના એક ધ લેન્સેટના એક અભ્યાસ અનુસાર, કોરોના મધ્યપ્રદેશ, બિહાર અને તેલંગાણાના કેટલાક જિલ્લાઓમાં આશ્ચર્યજનક સ્વરૂપ લઈ રહી છે.

## છેલ્લે... છેલ્લે...

- તિરુપતિ મંદિરના ૧૪ પુજારી સહિત ૧૪૦ કર્મી કોરોના પોઝિટિવ
- ઝારખંડના મુખ્યમંત્રીને જાનથી મારી નાંખવાની ધમકી
- ઐશ્વર્યા રાય બચ્ચન અને આરાધ્યાને નાણાવટી હોસ્પિટલમાં દાખલ કરાયા
- દિલ્હીમાં પાન-મસાલા ગુટખા પર એક વર્ષનો પ્રતિબંધ મૂકવા સરકારનો નિર્ણય

## ભારતમાં ઓલિમ્પિક ગેમ્સને લાવવાનું મારું સપનું : નીતા અંબાણી

**વિશ્વ સ્તર પર ખુબ સારું પ્રદર્શન કરતા જોવા માંગુ છું**

નવી દિલ્હી, તા. ૧૭

ફુટબૉલ સ્પોર્ટસ ડેવલપમેન્ટ ના ચેરપર્સન નીતા અંબાણીએ કહ્યું કે, ભારતમાં ઓલિમ્પિક રમતને લાવવાનું મારું સપનું છે. આ વાત નીતા અંબાણીએ વર્ચુઅલ સભાની બેઠકમાં કરી છે.

નીતા અંબાણીએ કહ્યું કે, ભારતમાં ઓલિમ્પિક રમતને લાવવું મારું સપનું છે. હું ભારતના એથલિટને વિશ્વ સ્તર પર ખુબ સારું પ્રદર્શન કરતા જોવા માંગુ છું. નીતા અંબાણી આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ (ૐ)ના સભ્ય છે. ખેલાડી તૈયાર કરવા માટે નીતા અંબાણીની આગેવાની હેઠળની ફાઉન્ડેશન શૈક્ષિણિક અને રમત-ગમતના પ્રોજેકટ ચલાવે છે. જેની સાથે લાખો બાળકો જોડાયેલા છે. આ પહેલા પણ નીતા અંબાણીએ ભારતીય રમત-ગમતને પ્રોત્સાહન આપવા માટે આવા ઘણા પગલા લીધા છે, જે પ્રશંસનીય છે. નીતા અંબાણીએ મહિલા ફૂટબોલરોને પણ ખૂબ જ મદદ કરી છે. આ સિવાય તેણે ક્રિકેટથી લઈ ફુટબોલ સુધી રોકાણ કર્યુ છે. એક તરફ નીતા અંબાણી ક્રિકેટમાં

● અનુસંધાન પાન-૭ પર

## વિકાસ દુબેનું એન્કાઉન્ટર ખોટુ નથી : યુપી સરકાર

**યુપી સરકારે કોર્ટમાં એફિડેવિટ ફાઇલ કરી : આગામી સુનાવણી ૨૦મી જુલાઈએ હાથ હાથ ધરાશે**

નવી દિલ્હી, તા. ૧૭

કાનપુર કેસના મુખ્ય આરોપી વિકાસ દુબેની એક્રાઉન્ટર મામલે સુપ્રીમ કોર્ટે યુપી પોલીસને સમન્સ પાઠવ્યું હતું. યુપી પોલીસે સુપ્રીમ કોર્ટને કહ્યું કે આ એન્કાઉન્ટર નકલી નથી. પોલીસે શુક્રવારે દુબે સહિત તેના કાર્યકરોની હત્યા સંદર્ભે અદાલતમાં વિગતવાર જવાબ દાખલ કર્યો હતો. સુપ્રીમ કોર્ટ સમક્ષ વિગતવાર જવાબ નોંધાવતાં યુપી પોલીસે કહ્યું કે એન્કાઉન્ટર સાચો હતો. તેમને નકલી કહી શકાય નહીં. આ કેસની આગામી સુનાવણી ૨૦ મી જુલાઈએ હાથ ધરવામાં આવશે. વિકાસ દુબે એન્કાઉન્ટર કેસમાં ઉત્તર પ્રદેશ સરકારે સુપ્રીમ કોર્ટમાં સોગંદનામું દાખલ કરતાં કહ્યું છે કે આ સમગ્ર મામલાની તપાસ માટે એક કમિશન બનાવવામાં આવ્યું છે. વિકાસ દુબે એક 'ભયાનક ગેંગસ્ટર' હતો જેમણે આઠ પોલીસ જવાનોની નિર્દયતાથી હત્યા કરી હતી. એન્કાઉન્ટર અંગે લોકોની અનેક ગેરસમજો છે. સોગંદનામામાં યોગી સરકારે કહ્યું હતું કે વરસાદ

● અનુસંધાન પાન-૭ પર





શ્રીજી બાપા    સ્વામી બાપા

## અંતઃકરણપૂર્વક અંજલિ



**પરમ પૂજ્ય પુરુષોત્તમપ્રિયદાસ સ્વામીજી**

**શ્રી સ્વામીનારાયણ ગાદી સંસ્થાન્, મણીનગર**

પરમ પૂજ્ય ગુરૂજીની વિદાયથી અમે
ભારે આઘાતની લાગણી અનુભવીએ છીએ...
આપની પ્રેરણા અમારો જીવન માર્ગ બની રહેશે.
આપના અમૃતવચનો અમારો જીવન ઉજાસ બની રહેશે.
પરમ વંદન સાથે અંતઃકરણની અંજલિ

**પરસોતમભાઈ માધવલાલ પટેલ**
Ex. M.D.
ધી ગાંધીનગર અર્બન કો.ઓ. બેંક લી.

**પરેશકુમાર પરસોતમભાઈ પટેલ**

**પંકજકુમાર પરસોતમભાઈ પટેલ**
શ્રી શારદા ડેવલોપર્સ

**ઉર્વીબેન પંકજકુમાર પટેલ**
ડિરેક્ટરશ્રી
ધી ગાંધીનગર અર્બન કો.ઓ. બેંક લી.

**પટેલ પરસોતમભાઈ માધવલાલ હાથીદાસ પરિવાર (ગોવિંદપુરાવાળા)**